## પ્રકરણ - ૯

### ' સામાન્ય અભિનય ' અંતર્ગત વાચિક અભિનય

'સામાન્ય અભિનય'ની અંતર્ગત ભરતમુનિ, ભાવરસાન્વિત તેમજ કાવ્યવસ્તુના નિર્દિષ્ટ એવા વાચિક અભિનયના દ્વાદશ માર્ગ નિરુપે છે. (૧) આલાપ (૨) પ્રલાપ (૩) વિલાપ (૪) અનુલાપ (૫) સંલ્લાપ (૬) અપલાપ (૭) સંદેશ (૮) અતિદેશ (૯) અપદેશ (૧૦) નિર્દેશ (૧૧) ઉપદેશ તથા (૧૨) વ્યપદેશ. (અધ્યાય ૨૪ શ્લોક ૪૯ થી ૫૧). આ બાર પ્રકારના વાચિક અભિનયના માર્ગો અથવા રુપો ધ્વારા વાકયાભિનય અથવા છ પ્રકારના શારીર અભિનયોની યોજના થાય છે. તે સામાન્ય અભિનયરુપ હોવાને કારણે સર્વમાં સમાનરુપે રહે છે. વાકયોના આ માર્ગો ધ્વારા વાચિક અભિનયની સૃષ્ટિ થતી હોવાનું ભરતમુનિ ધ્વાદશ માર્ગના વિવરણને અંતે જણાવે છે.

શારદાતનય 'ભાવપ્રકાશનમ્'માં બાર પ્રકારના વાગારમ્ભાનુભાવ અર્થાત વાણીના બાર સાત્વિક ભાવો વર્ણવે છે જે ભરતાનુસારી છે. ભરતમુનિએ વર્ણવેલા 'દ્વાદશ માર્ગ'નું જ પુનરાવર્તન છે. તુલના માટે તે અહીં મુકવામાં આવ્યા છે. સાથે સાથે અભિજ્ઞાન શાકુંતલ, મેઘદૂત, રસાર્ણવસુધાકર વિગેરે કૃતિઓમાંથી ઉદાહરણો પણ ટાંકવામાં આવ્યા છે.

#### ( ૧ )
#### આલાપ

ભરતમુનિના મત પ્રમાણે બોલવું અથવા સંભાષણ કરવું તે આલાપ કહેવાય છે.
(અધ્યાય ૨૪ શ્લોક ૫૨)

'ભાવપ્રકાશન' અનુસાર 'આ તમારું ભાગ્ય છે' ઇત્યાદિ વાકય 'આલાપ' કહેવાય છે.
(પ્રથમ અધિકાર / શ્લોક ૭૬)

'અભિજ્ઞાન શાકુંતલ'માં દુષ્યન્તનું વિધાન 'હે અંગુઠી તારું પુણ્ય અવશ્ય મારી જેમ ન્યુન છે જે તારા ધ્વારા અનુભૂત ફળથી જ્ઞાત થાય છે- કે તું લાલ નખવાળી મનોહર પેલી (શકુંતલા)ની આંગળીઓમાં સ્થાન પામો નીચે પડી ગઇ !' આલાપનું ઉદાહરણ છે.
( અ.શા. ૬/૧૧)

(૨) પ્રલાપ

અર્થ વગરનું બોલબોલ કર્યા કરવું તે પ્રલાપ. ભરતમુનિ અસંબદ્ધ અથવા નિરર્થક વાક્યાવલીના પ્રયોગને 'પ્રલાપ' કહે છે. (અ. ૨૪/૫૨)

'ભાવપ્રકાશન' પ્રમાણે 'ક્યાં જાઉં' 'શું કરું' ઈત્યાદિ વચન 'પ્રલાપ' છે.

'માલતીમાધવ'માં આવતી 'માતાજી હે માતાજી! મારું હૃદય ફાટી જાય છે। દેહનાં બંધન ઢીલા પડતા જાય છે! હું સંસારને શૂન્ય સમજી રહયો છું. હું અંદરને અંદર સળગી રહયો છું. મારો વ્યાકુળ અંતરાત્મા નિબિડ અંધકારે ધસી રહયોછે. મને મોહે ચારે બાજુથી ઘેરી લીધો છે હા! હું ભાગ્યહીન શું કરું! - આ ઉક્તિ પ્રલાપનું ઉદાહરણ છે. (મા.મા. ૯/૨૦)

(૩) વિલાપ

જેમાં શોકજન્ય દુ:ખનું નિરુપણ હોય તે વિલાપ. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જે શોકપૂર્ણ અવસ્થામાં (દુ:ખથી) ઉત્પન્ન વચનાવલી હોય તેને 'વિલાપ'સમજવો. (અ. ૨૪ /૫૩)

'ભાવપ્રકાશન' અનુસાર આત્મદુ:ખને પ્રગટ કરનારાં વચન વિલાપ કહેવાય છે.

'રસાર્ણવસુધાકર' (પૃ.૩૭) માં આવતી નિમ્નલિખિત ઉક્તિ વિલાપનું ઉદાહરણ છે. ''નિર્જન વનમાં આર્યા (સીતા)ને છોડવા માટે અને તેના દુ:ખને સાંભળવા માટે, લંકાયુધ્ધમાં સુખપૂર્વક મરી ગયેલા અને જીવન આપી હનુમાને મારી સાથે વેર બાંધ્યું છે.

(૪) અનુલાપ

એકનું એક બહુવાર બોલ્યા કરવું તે અનુલાપ. તેનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. એકની એક વારંવાર દોહરાવવી અનુલાપ કહેવાય છે. (અ. ૨૪/૫૩)

'ભાવપ્રકાશન' પ્રમાણે વારંવાર કહેવાયેલું વાક્ય 'અનુલાપ' છે.

'રસાર્ણવસુધાકર' (પૃ.૩૭-૩૮) માં અનુલાપનું સુંદર ઉદાહરણ છે. 'અંધકાર છે અંધકાર. ના ના કાળા કેશ છે, ચંદ્રમાં છે, ચંદ્રમાં ના ના નેત્રને સુખ આપનાર મુખ છે. લતા છે લતા. ના ના સુંદર હાથ છે. આકાશ છે આકાશ ના ના સુંદર કટિ છે. ''

## (૫) સંલ્લાપ

ઉક્તિયુક્ત ભાષણ કે વાતચીત કરવો તે સંલ્લાપ. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે ઉક્તિ-પ્રતિઉક્તિયુક્ત સંભાષણ સંલ્લાપ કહેવાય છે. (અધ્યાય ૨૪/૫૪)

ભાવપ્રકાશનકારના મતે ઉક્તિ પ્રતિઉક્તિવાળું વાક્ય અર્થાત 'કહેવું પછી તેનો જવાબ આપવો' સંલ્લાપ કહેવાય છે. (૧/૮૦)

'રસાર્ણવસુધાર' (પૃ.૩૭-૩૮) માં સંલ્લાપનું ઉદાહરણ પણ જોવા મળે છે.

સુંદર કમળ-પત્ર-નેત્ર વાળી ! ભિક્ષા આપો !
સુરાસુરવન્દનીય ! હું પુષ્પિણી (રજસ્વલા) છું !
બાલિકે ! જો તમારી પાસે ફળ હોય તો મને આપો !
ફળભુગીશ ! વાતો ન કરો, આગળ જાવ !

## (૬) અપલાપ

પહેલાં કહેલી વાતને અન્ય પ્રકારે કહેવી તે અપલાપ. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે પૂર્વકથિત શબ્દાવલીનું અન્યથા સંયોજન (બીજા અર્થમાં યોજના કરવી) અપલાપ કહેવાય છે. (૨૪/૫૪)

'ભાવપ્રકાશન' પ્રમાણે પૂર્વોક્તનું અન્યથા કથન 'અપલાપ' છે. (૧/૮૦)

'રસાર્ણવસુધાકર'માં આવતી નીચેની પંક્તિઓ 'અપલાપ'નું ઉદાહરણ છે. 'તમે રુક્મિણી છો, તમે સત્યભામા છો, શું અહીં મારું ગોત્રસ્ખલન છે - આ પ્રમાણે બહાના વડે રાધાને પ્રસન્ન કરનાર દેવ પુરુષોત્તમ (શ્રીકૃષ્ણ) આપને પવિત્ર કરે.''

## (૭) સંદેશ

'તું આ વચન કહેજે ' એવા પ્રકારની વચનાવલી 'સંદેશ' કહેવાય છે. એવું ભરતમુનિનું વિધાન છે. (અ. ૨૪/૫૫)

'ભાવપ્રકાશન' પ્રમાણે કોઇપણ વિષયમાં પોતાના સમાચાર મોકલવા 'સંદેશ' છે. (૧/૮૦)

'મેઘદૂત' માં નીચેનું પદ્ય 'સંદેશ'નું સુંદર ઉદાહરણ છે.

'' હે કૃષ્ણનયન ! પૂર્વોક્ત અભિજ્ઞાન આપવાથી મને કુશળયુક્ત જાણી લોકાપવાદને કારણે મારા વિષયમાં અવિશ્વાસ ના કરો ! લોકો સ્નેહનો 'વિયોગ થવાથી કોઇપણ કારણથી નષ્ટ થનારો કહે છે પરંતુ તે ઉપભોગ ન થવાથી અભીષ્ટ પદાર્થમાં અભિલાષા વધવાને કારણે પ્રેમનો રાશિરુપ બની જાય છે.'' ( મેઘદૂત ઉત્તરમેઘ ૫૫)

(૮) અતિદેશ

' તેં જે કહયું તેજ મે કહયું ' એવા પ્રકારનું કહેવું તે અતિદેશ એવું ભરતમુનિ જણાવે છે. ( અ. ૨૪/૫૫)

શારદાતનયના મત પ્રમાણે ' જે તેણે કહયું છે તે મે કહયું ' આવા પ્રકારનું વચન અતિદેશ કહેવાય છે. (૧/૮૦)

' રસાર્ણવસુધાકર) (પૃ.૩૯) માં આવતું આ પદ્ય 'અતિદેશ' નો સુંદર નમૂનો છે.''

'' હે વારિધિ ! પુરુષોત્તમ ભગવાન ગદાધર (વિષ્ણુ) સ્વયં તારી પુત્રીની યાચના કરે છે . ગિરિગુહાના શબ્દ સમાન અમારી વાણીને તમે જાણો.!

(૯) નિર્દેશ

કોઇપણ વસ્તુનો ઉલ્લેખ કરવો કે કશાનું સૂચન કરવું તે નિર્દેશ. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે '' આ હું (એકલો) કહી શકું છું (અથવા આ હું કહું છું) જેવાં કથન નિર્દેશ કહેવાય છે. (અધ્યાય ૨૪/૫૬)

ભાવપ્રકાશન પ્રમાણે 'આ અમે, કયાં તમારું કાર્ય ? ' આ પ્રકારના વચન 'નિર્દેશ' કહેવાય છે. (૧/૮૧)

' રસાર્ણવસુધાકર)' (પૃ.૩૯) માં આવતું આ પદ્ય નિર્દેશનું ઉદાહરણ છે.

'' આ અમે, અમારી પત્ની અને અમારા કુળના પ્રાણસમો આ છોકરો. અમે બધા બાહય વસ્તુઓ પ્રત્યે વિરક્ત છે. જેનાથી તમને કામ હોય તે કહો.''

(૧૦) વ્યપદેશ

કોઇ વિષે બીજાને કહેવું કે નિંદા કરવી તે વ્યપદેશ. ભરતમુનિના વિધાન પ્રમાણે

કોઇ બહાના વડે (વ્યાજાન્તર) કહેવામાં આવતી વાત-વચનાવલી 'વ્યપદેશ' કહેવાય છે.
(અ. ૨૪ /૫૬)

'ભાવપ્રકાશન' અનુસાર કોઇ બહાને પોતાની ઇચ્છા પ્રગટ કરવી વ્યપદેશ કહેવાય છે.

'અભિજ્ઞાન શાકુંતલ'નું આ પદ્ય વ્યપદેશનું ઉદાહરણ છે. '' હે ભ્રમર ! નવીન મધુનો લોભી તું આંબાની મંજરી એમ ચુમી, કમળમાં રહેવા માત્રથી તેને કેવી રીતે ભૂલી ગયો ?''
(અભિજ્ઞાન શાકુંતલ ૫.૧)

(૧૧) ઉપદેશ

બોધવચન કહેવા કે શિખામણ આપવી તે ઉપદેશ. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે ' આ આમ કરો' તથા 'આને લઇ લો' વિગેરે કથન 'ઉપદેશ' કહેવાય છે.
(અ. ૨૪/૫૭)

'ભાવપ્રકાશન' અનુસાર 'લ્યો, તમે જાવ' વિગેરે બીજાના વચન ઉપદેશરુપે ગ્રહણ કરવા જોઇએ. (૧/૮૨)

'અભિજ્ઞાન શાકુંતલ'માં આવતું આ પદ્ય ઉપદેશનું ઉદાહરણ છે. '' પુત્રી ! તું અહીંથી પતિગૃહે સિધાવો તારા ગુરુજનોની સેવા કરજે, તારી સપત્નીઓ સાથે પ્રિય સખી જેવો વ્યવહાર કરજે. તિરસ્કૃત થવાં છતાં ક્રોધના આવેશમાં આવી પતિથી પ્રતિકૂળ કાર્ય કરીશ નહિ. તારા આશ્રિતો પ્રત્યે અત્યંત ઉદાર રહેજે. તારા ઐશ્વર્યનું અભિમાન કરીશ નહિ. આ પ્રમાણે આચરણ કરનારી યુવતીઓ ગૃહીણીપદને પ્રાપ્ત કરે છે અને તેનાથી વિપરીત ચાલનારી કુળને માટે અભિશાપરુપ બને છે.'' - અભિજ્ઞાન શાકુંતલ (૪/૧૭)

(૧૨) અપદેશ

અન્યાર્થ કથન અર્થાત્ બીજાનાં કહેલાં કથન બતાવી પોતાની વાત કહી દેવી તે અપદેશ એવું ભરતમુનિનું વિધાન છે. (અપદેશનું લક્ષ માત્ર વડોદરાની ગા.ઓ.સી.આવૃત્તિમાંજ છે) - (અ. ૨૪/૫૭) 'અન્યાર્થ કથન' નો અર્થ 'અન્ય'- બીજા અર્થવાળા' એવો પણ કેટલાક વિધ્વાનોએ કર્યો છે.

'ભાવપ્રકાશન' પ્રમાણે અન્યાર્થ કથન અર્થાત્ અન્ય અર્થને ધોતિત કરનાર જે કથન

હોય છે તે અપદેશ કહેવાય છે. (૧/૮૨) જેમ કે 'રસાર્ણવસુધાકર' માં આવતું નિમ્નલિખિત પદ્ય -

'' હે સખિ ! આ કમલિની કલહંસના ચંચુથી ક્ષત્ બે કળીઓને ધારણ કરી રહી છે. આ આમ્રલતા કોકિલ ધ્વારા આસ્વાદિત નવીન કિસલયને ધારણ કરી રહી છે. - આ પ્રમાણે બાવડીના કિનારે પરસ્પર કહેવાતા સખીઓના વચન સાંભળી તે (નાયિકા) એ પોતાના વસ્ત્રોના છેડાથી પયોધરોને અને હાથથી બિમ્બ ફળ સમાન લાલ અધર ઢાંકી દીધા.

વાચિક અભિનયના દ્વાદશ માર્ગો ઉપરાંત ભરતમુનિએ વાચિક અભિનયના સાત વાકય વિભેદ પણ નિરુપ્યા છે.

### વાચિક અભિનયના સાત વાકયવિભેદ

'સામાન્ય અભિનય' અધ્યાયમાં ભરતમુનિ વાચિક અભિનયના કાલકૃત સાત ભેદ નિરુપે છે. (૧) પ્રત્યક્ષ (૨) પરોક્ષ (૩) ભૂત (૪) ભવિષ્ય (૫) વર્તમાન કાળ (૬) આત્મસ્થ (૭) પરસ્થ . (અ. ૨૪/૫૮) તે પછી તેઓ તેના વિવિધ ઉદાહરણો આપે છે તદાનુસાર -

(૧) અરે ! આવી વાત તો આ કહે છે હું નહીં ' આ વાકયમાં પ્રત્યક્ષ પરોક્ષ તથા વર્તમાનકાળ છે. (શ્લોક ૬૦)

(૨) ''હું કરું છું, જાઉં છું, કહું છું તારી વાતોને' આ વાકયમાં આત્મસ્થ વર્તમાનકાળ તથા પ્રત્યક્ષ છે. (શ્લોક ૬૧)

(૩) '' હું કરીશ, જઇશ તથા કહીશ'' આ વાકયમાં આત્મસ્થ પરોક્ષ તથા ભવિષ્યકાળ છે. (શ્લોક ૬૨)

(૪) '' મેં મારા સર્વ શત્રુઓને હણ્યા, જીત્યા અને નષ્ટભ્રષ્ટ કરી નાંખ્યા'' આ વાકયમાં આત્મસ્થ, પરોક્ષ તથા ભૂતકાળ છે. (શ્લોક ૬૩)

(૫) '' તેણે શત્રુઓને માર્યા તથા જીત્યા'' - નાટ્યપ્રયોગ દરમ્યાન (નાટ્યકર્મણિ) આવા ઉચ્ચારણના સંવાદમાં પરોક્ષ, પરસ્થ તથા ભૂતકાળ છે. (શ્લોક ૬૪)

(૬) '' આ (વ્યકિત) કરે છે અથવા જાય છે'' તે હમણાં કહે છે'' આ વાકયમાં પરસ્થ, વર્તમાન તથા પ્રત્યક્ષ છે. (શ્લોક ૬૫)

(७) '' તે (આ) કરશે, જશે અથવા કહેશે' આ વાકયમાં પરસ્થ, ભવિષ્યકાળ તથા પરોક્ષ છે. (શ્લોક ૬૭)

(૮) '' તે જાય છે અથવા કરે છે'' આ વાકયમાં પરસ્થ, વર્તમાન તથા પરોક્ષ છે. (શ્લોક ૬૬)

(૯) '' મારે આ કાર્ય આજેજ આપની સાથે કરવું છે'' આ વાકયમાં આત્મસ્થ, પરસ્થ તથા વર્તમાનકાળ છે. (શ્લોક ૬૭)

આ સાથ કાળગત વાકયવિભેદોને અંતે રંગમંચ ઉપર આત્મસ્થ તથા અપ્રત્યક્ષ અથવા પ્રત્યક્ષની અભિવ્યકિત કેવી રીતે સાધવી તે વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે 'રંગમંચ ઉપર નાટ્યપ્રયોગ સમયે એક હાથ દ્વારા (પતાક મુદ્રામાં) વચ્ચે ઢાંકી જે કહેવામાં આવે છે તેના દ્વારા પોતાની, પોતાના મનની અથવા અપ્રત્યક્ષ કોઇ કાર્યની અભિવ્યકિત સાધવામાં આવે છે. (શ્લોક ૬૯)

### વાચિક અભિનયના અગણિત ભેદ

વાચિક અભિનયના સાત કાળકૃત ભેદોના વિવરણના અંતે ભરતમુનિ જણાવે છે કે કાળકૃત ભેદોની જેમ વાચિક અભિનયના અનેક ભેદ કરી શકાય છે. સામાન્યાભિનયના શરીરભેદ મુખ્યત્વે આ સાત પ્રકારોમાં વિભાજિત કરી શકાય છે. અભિનવગુપ્તે ~~પ્રાકૃ~~ શારીર (અર્થાત્ વાકયાભિનય)ના એકસો ચોવીસ ભેદ બતાવ્યા છે. આલાપ વિગેરે બાર તથા પ્રત્યક્ષ, પરોક્ષ, આત્મસ્થ અને પરસ્થ નામના ચાર ભેદોને કાલકૃત ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણ ભેદો વડે ગુણવાથી બાર ભેદ બને છે. આ બાર ભેદોને આલાપ વિગેરે બાર ભેદો સાથે ગુણવાથી એકસો ચુંવાળીસ (૧૪૪) ભેદ બને છે. જો તેમને સંસ્કૃત-પ્રાકૃત વિગેરે ભેદો વડે ગુણવામાં આવે તો વાકયાભિનયના ૯૫૨ ભેદ થાય અને તેને પણ સુચાના બે ભેદ વાકય તથા વાકયાર્થ વડે ગુણવાથી કુલ ૧૯૦૪ ભેદો થાય. આ પ્રમાણે શારીરના અન્ય ચાર ભેદોમાં અંકુરના ભેદ વાકયાભિનયની સમાન રહેશે. શાખા, નાટ્યાયિત તથા નિવૃત્ત્યંકુરના ભેદોનો પરસ્પર ગુણાકાર કરવામાં આવે તો આ ભેદ વિસ્તૃત થઇ શતકોટિ અથવા અનંત બને છે. તેથીજ અભિનવગુપ્ત વાચિક અભિનયના અગણિત ભેદ હોવાનું જણાવે છે. તેઓએ શંકુકના એ મતનું ખંડન કરે છે કે સામાન્યાભિનયના શારીરભેદના કુલ ચાલીસ હજાર ભેદ થાય છે. તેના દ્વારા રસાશ્રિત અભિનય પૂર્ણ બને છે. જો કે આ બધા ભેદોનું 'શાસ્ત્રીય મહત્વ જ છે.